R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવકાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 19•ISSUE: 03 DATE: 17-01-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ગોવામાં સંત ફ્રાંસિસના મમીને જાહેરમાં પ્રદર્શન કાજે મુકાતાં દર્શન કાજે દેશ-વિદેશથી ભારે ભીડ ઉમટી



ગોવા ખાતે ૪૫ દિવસ સુધી પ્રદર્શનમાં મુકાયેલ ફ્રાંસીસ ઝેવીયર્સના મમીનું દર્શન કરવા માટે દેશ-વિદેશથી ચાર મિલિયન જેટલા લોકો ઉમટી પડયા હતા.આ મિશનરી ફ્રાંસીસ ઝેવીયર્સનું પાર્થિવ શરીર સોળમી સદીનું છે.પ્રદર્શન માટે મુકાયેલ સંત ફ્રાંસીસનું મમી દર દસ વર્ષે જાહેર જનતાના દર્શન માટે મુકવામાં આવે છે.છેલ્લા દિવસે જ્યારે જાહેરમાં મુકાયેલ મમીને તેની જગ્યા પર ખસેડવાનું હતું ત્યારે લગભગ દસ હજાર જેટલા લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા હતા. અને સરઘસમાં ભાગીદાર બન્યા હતા.બેસીલીકા ઓફ બોમ જીસુ(ગુડ જીસસ)સોળમી સદીનું છે ત્યાં આ મમીને લઈ જવાયું હતું.જ્યાં તે ગ્લાસ પેનલથી સીલ્વર કાસકેટમાં બંધ રાખવામાં આવશે.સી કેથેડ્રલ જે બેસીલીકાની બાજુમાં છે ત્યાં આ રેલીસને રાખવામાં આવશે.

ફાધર સેવીયો બેરીટો, રેક્ટર અને કસ્ટોડીયન,બેસીલીકા ઓફ બોમ જીસુ અને આ મમીના રખેવાળ છે તેમણે જણાવ્યું હતું કે હવે બીજી વાર જાહેરમાં સંત ફ્રાંસીસનું મમી ૨૦૨૪માં મુકાવાનું છે.પરંતુ અમો તેને ૨૦૨૨માં મુકવાનો નિર્ણય કર્યો છે.કારણકે ૨૦૨૨માં સંતની ઉપાધી અપાયાને ૪૦૦ વર્ષ પુરા થશે.તેમને ૧૬૨૨માં સંતની ઉપાધી આપવામાં આવી હતી.

જાહેરમાં તેમના મમીને મુકાયું તેને જોવા માટે ખુબજ મોટા પ્રમાણમાં ઘસારો રહ્યો હતો.વિશ્વભરમાં લોકો તેમના દર્શન કરવા માટે અહીંયા પધાર્યા હતા.તે પૈકીના લોકો એવું માને છે કે સંત ઝેવિયર્સ હજુ મરી ગયા નથી પરંતુ જીવે છે.તેવું ફાધર બોરીટોએ યુકેન્યુઝ.ડોટ.કોમને જણાવ્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે આ પ્રદર્શન અનેક ધર્મના લોકો માટે મળવાનું સ્થળ બને છે.અનેક ધર્મના લોકો સંતના દર્શન માટે અહીયા આવે છે.પ્રદર્શન માં અનેક યાત્રાળુઓ,જેમાં બાળકો,માંદાઓ પણ આવે છે અને દર્શન કરવા માટે આતુરતાથી લાંબો સમય ધીરજથી લાઈનમાં ઉભા રહીનો વિતાવે છે.સ્મિતા વેલકર,હિંદુ ગૃહિણી, ગોવાની વતનીએ જણાવ્યું હતું કે તેની નસીબદાર છે કે તેણીને આ દર્શનનો લ્હાવો મળ્યો છે.મે સંત ફ્રાંસીસ માટે ઘણું બધું સાંભળ્યું છે અને ઘણી વાર અહીંયા આવવાનું મન થતું હતું.અને આજે તે તક મળી છે.કોઈપણ ધર્મમાં આસ્થા ધરાવતા હો તેનો કોઈ વાંધો નથી.તેઓ અન્ય કોઈ દેવ કે આસ્થામાં માનતા હશે મને તેનો વાંધો નથી.પરંતુ એક સંતના દર્શન કરવા તે એક તક અને જીવનનો લ્હાવો છે.તુકારામ પવાર જે એક હિદું સાધુ છે અને તેઓ મહારાષ્ટ્ર માંથી અહીયા આવ્યા હતા તેમણે કહ્યું હતું કે મે સંત ફ્રાંસીસના દેહનું દર્શન કર્યા પછી મને શાંતિનો અહેસાસ થાય છે.મે બિસીલીકામાં બેસીને પ્રાર્થના કરી,જે મારા માટે એક સારો અનુભવ હતો. એમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રદર્શન ગોવા સરકાર અને આર્ચીયોલોજી સર્વે ઓફ ઈન્ડીયા સાથે મળીને યોજવામાં આવ્યું હતું.કે જેઓ સોળમી સદીના ઓલ્ડ ગોવા ખાતેના મકાનોની સાર સંભાળ રાખે છે,કે જે પોર્ટુગીઝોની સત્તાકાળ દરમિયાન રાજધાની તરીકેનુ સ્થળ હતું.અને એશીયા ખાતે પોર્ટુગીઝ મિશનરીઓ માટેનું મથક પણ હતું.સરકારી પ્રવક્તાઓ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યુ હતું કે આ પ્રદર્શન યોજવા પાછળ ૪૬૫ મીલીયન રુપીયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.સેટ ફ્રાંસીસનું મરણ શાંગચોઉલ,ચાઈના માં ૧૫૫૨ ખાતે થયું હતું.ત્યાં તેમના દેહને દફનાવવામાં આવ્યો હતો.પરંતુ એક વર્ષ બાદ જેસુએટો દ્વારા સ્થળાંતર કરાયો હતો.અને મલાકા ચર્ચ ખાતે હંગામી ધોરણે દફનાવાયો હતો. ફેબ્રુઆરી ૧૫૫૩માં જણાયું કે તેમનું શરીરને કોઈ નુકશાન થયું નથી.તેજ વર્ષે તેમના દેહને ગોવા ખાતે દરિયાઈ માર્ગે લાવવામાં આવ્યો હતો.તેમના દેહનું પહેલું પ્રદર્શન ૨૩ વર્ષ બાદ યોજાયું હતું.દર દસ વર્ષે તેમના દેહને લોકોના દર્શન માટે ૪૦ દિવસ ખુલ્લો મુકવામાં આવે છે.

## શાર્લી હેબ્દો પરના હુમલા બાદ મેગેઝિને નિડરતાથી શ્રધ્ધાંજલિ અંક પ્રસિધ્ધ કર્યો,હુમલામાં માર્યા ગયેલા પત્રકારો પ્રત્યે સદ્‌ભાવના વ્યક્ત કરી

ફ્રાંસના પેરિસ ખાતે શાર્લી હેબ્દો મેગેઝીનની ઓફીસ પર આતંકી હુમલો થયો અને તેમાં ૧૧ પત્રકારો સહિત ૧૨ વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારી દેવાયા.અભિવ્યક્તિની સ્વાતંત્રતા પર તરાપ મારનારા હુમલાખોરોને સરકારે જવાબી કાર્યવાહીમાં ઢાળી દીધા.પરંતુ આ એક નવા પ્રકારનો આતંકવાદ છે.સ્વચ્છંદી અને ગુનાહિત ઈતિહાસ ધરાવનારા સ્થાનિક લોકો દ્વારા આતંકવાદનો ચહેરો જોવા મળ્યો છે.ઈસીસ દ્વારા અમેરિકન પત્રકારોના ઘડ કાપી નંખાયાના વીડીયો થોડક સમય પહેલા જારી કરેલા વિશ્વભરના લોકોએ નિહાળ્યા હતા.પેરિસ પર અખબારી ઓફીસ પર થયેલા હુમલાથી વિશ્વભરમાં આવા હુમલાઓ થઈ શકે છે તેની ચેતવણી મળી છે.ઈસ્લામીક કટ્ટરતાવાદ કેટલો નીચે ઉતરી ગયો છે તેની આ પરાકાષ્ઠા બતાવે છે.જો કે ઈસ્લામી પયગંબરના કેટલાક વિવાદી કાર્ટુનો મેગેઝીને છાપ્યા હતા તેના કારણે તેમને નિશાન બનાવાયા હતા. આમ છતાં આ મેગેઝીને તાબડતોડ આ માર્યા ગયેલા પત્રકારોને શ્રધ્ધાંજલિ આપતો નવો અંક બહાર પાડ્યો હતો જેમાં મંહમદ પયગંબરના કેટલાક કાર્ટુનો છપાયા છે.જો કે આ નવા છપાયેલ અંકની લાખો નકલ ચપોચપ ઉપડી ગઈ હતી.

નવા શ્રધ્ધાંજલિ અંકમાં છપાયેલ મહંમદ સાહેબના કાર્ટુનથ સમગ્ર વિશ્વમાંના મુસ્લીમોએ નારાજગી વ્યક્ત કરી હતી.આ મેગેઝીને તેમના નવા અંકમાં રડતા પયગંબરનું કાર્ટુન છાપ્યુ હતું.જેથી મુસ્લીમ સમુદાયના લોકોએ નવા અંકના પાના સળગાવીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો.તેમનું માનવું છે કે મેગેઝિને અમારા ધર્મનું અપમાન કર્યું છે.તેમજ અમારી કોમની ધાર્મિક લાગણી દુભાવી છે.નવા અંકના કવરપેજ પર રડતા પયગંબરના કાર્ટુનને કારણે મેગેઝિનની લાખો નકલ મિનિટોમાં વેચાઈ ગઈ હતી.જો કે મુસ્લીમ સંગઠનોએ મેગેઝીનના પત્રકારોની હત્યા બાબતે કોઈ અફસોસ જાહેર કર્યો નહોતો.પરંતુ અનેક મુસ્લીમ સંગઠનોએ શ્રધ્ધાંજલી અંકમાં છપાયેલ કાર્ટુનની સામે પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જેમાં પાકિસ્તાનમાં પોલીસ સાથે વિરોધ પ્રદર્શનકારીઓ સામસામા આવી ગયા હતા.કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસે ગોળીબાર સહિતના પગલાં લેવા પડ્યા હતા.

## ફ્રાંસને ત્રણ દિવસ સુધી બાનમાં રાખનારા આતંકીઓ અંતે ઠાર કરાયા

ફ્રાંસની રાજધાની પેરીસમાં શાર્લી હેબ્દો સાપ્તાહિકની ઓફીસ પર ત્રાટકીને આંતકીઓ ૧૨ લોકોની હત્યા કરી હતી જેમાં ૧૧ પત્રકારો હતા.પેરીસમાં આતંકવાદી હુમલાની બે ઘટના બની હતી.જેમાં શાર્લી હેબ્દોની ઘટનાને અંજામ આપનારા બે આતંકી ભાઈઓ અને એક અન્ય સ્થળે એક આતંકવાદીએ લોકોને બંધક બનાવ્યા હતા.પોલીસે કરેલ કાર્યવાહીમાં ચાર બંધક માર્યા ગયા હતા.

પોલીસે આંતકવાદીઓને જેર કરવા માટે ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં શરીફ કાઉચી અને સઈદ કાઉચી નામના બે આતંકી ભાઈઓ ઠાર મરાયા હતા.પોલીસે શકમંદોને પડકાર્યા ત્યારે તેઓ ભાગીને નજીકની એક ઈમારતમાં ઘુસી ગયા હતા અને અનેક લોકોને બંધક બનાવ્યા હતા.પોલીસે આખી ઈમારતને ઘેરી લઈ કાર્યવાહી કરી હતી. જેમાં આતંકીઓ ઉપરાંત કેટલાક બંધકોના મોત નિપજ્યા હતા.ફ્રાંસમાં મીડીયા પર થયેલ હુમલાને કારણે સમગ્ર વિશ્વમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા.આતંકવાદીઓ પર ચારેબાજુથી ફિટકાર વરસવાયો હતો.

**ગરવી નવકાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દિલ્હીની વિધાનસભાની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ જીત મેળવવા માટે આમ આદમી પાર્ટી સાથે ભુતકાળમાં અને વર્તમાનમાં સંકળાયેલા કેટલાક મહાનુભાવોને છીનવી લીધા છે.દિલ્હીની ગાદી પર બેસવા માટે ભારતીય જનતા પાર્ટીએ એડી ચોટીનું જોર લગાવ્યું છે. જો કે જે પ્રમાણે એનાલીસીસ રીપોર્ટ દેખાય છે તે પ્રમાણે હજુ સુધી કેજરીવાલની પાર્ટીનું પલ્લુ ભારે લાગે છે.દિલ્હીની ચુંટણીમાં કોગ્રેસ ત્રીજા ક્રમે ધકેલાઈ ગઈ છે. હાલમાં ભારતીય જનતા પાર્ટી અને કેજરીવાલની પાર્ટી સાથે મુકાબલો દેખાઈ રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટીને લોકોએ આપેલ બહુમતી માત્ર વિકાસના મુદ્દા પર આધારિત હતી અને તેના સર્વે સર્વા તરીકે માત્ર નરેન્દ્ર મોદીને મત મળ્યા હતા.પરંતુ ભારતીય જનતા પાર્ટી તેમજ સંઘ સાથેની કેટલીક સંસ્થાઓ યેનકેન પ્રકારે આ જીત તેમના મુદ્દાઓ આધારિત ગણાવી રહી છે અને તેમના કેટલાક અતિ સંવેદનશીલ મુદ્દાઓને જોર શોરથી આગળ લાવી રહીછે જે વડાપ્રધાનના વિકાસના કાર્યક્રમની ગતિને પાછી પાડી દેશે.ભારતીય બંધારણે બિનસાંપ્રદાયકિતાને સ્વીકારી છે અને તે પ્રમાણે આ દેશનુ માળખું રચાયેલ છે. હવે તેને તીતર ભીતર કરી નાંખવાનો મનસુબો કેટલાક પરિબળો દેખાડી રહ્યા છે.

કેટલાક પરિબળો માત્ર કટ્ટરતાવાદને પોષવા માટે રોજ બરોજ જુદા જુદા નિવેદનો કરતાં રહે છે. તાજેતરમાં હિંદુઓને કેટલા બાળકો હોવા જોઈએ તેનો વિવાદ ચર્ચા માં છે. આ દેશમાં સાધુઓ નક્કી કરશે કે સંસારીઓએ કેટલા બાળકોના માંબાપ બનવાનું છે.દેશની વસ્તી જ વધારવી હોય તો શા માટે આ સાધુઓનો બહુ મોટો સમુદાય સંસારી બની જતો નથી અને દેશની જે સમસ્યા તેમને લાગે છે તેનો ઉકેલ તેઓ જાતે લાવતા નથી.અગ્રેજીમાં કહેવત એવી છે કે ‘ચેરીટી બીગીન્સ ફ્રોમ હોમ ‘એટલે કે દરેક સખાવતી કે લોકોને સ્પર્શતું સારુ કાર્ય આપણે આપણા ઘરથી જ શરુ કરવું જરુરી છે.સંસાર છોડી દીધેલા બાવાઓને સત્તા,મિલ્કતો,નાણાં અને વેપારમાં રસ ના હોય, પરંતુ આજકાલના આ તમામ બાવાઓ ઉદ્યોગપતિઓ કરતાં વધુ નાણાં કમાવે છે.તાજેતરમાં એક યોગ સાધુનો વેપારનો આંકડો બે હજાર કરોડને આંબી ગયો છે.આને સાધુ કહેવો કે ઉદ્યોગપતિ.તેઓ સાધુના નામે અનેક લાભો ભોગવી રહ્યા છે. આ ઉપરાંત તેમને વીઆઈપી સુરક્ષા આપવામાં આવી રહી છે.

જો આ દેશ માત્ર સાધુઓથી ચલાવવાનો હોય તો પછી આ રાજકારણમાંથી રાજકારણીઓને વિદાય આપવી પડશે. તેઓ દેશનુ ભાવિ અને નીતિ નિયમો નક્કી કરશે.નહિતર તેમની સેવાઓને મંદિરો પુરતી સીમીત કરવી પડશે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ખ્રિસ્તીઓના તહેવાર નાતાલને ગુડ ગર્વનન્સ ડે સરકારે જાહેર કરતાં ખ્રિસ્તી આલમમાં ઉચાટ




ભારતમાં વસતી ખ્રિસ્તી લઘુમતી કોમે સરકાર દ્વારા નાતાલના તહેવારને ગુડ ગર્વનર્ન્સ ડે જાહેર કરતાં ભયની લાગણી અનુભવી છે.તેમજ સ્કુલોને ગુડ ગર્વનન્સ ડે ઉજવવા તાકીદ કરી છે. તેથી સરકાર દ્વારા કોમવાદી એજન્ડાને દાખલ કરી રહ્યા હોવાનો અહેસાસ થઈ રહ્યો છે.વિરોધ પક્ષોએ પણ સંસદમં આ બાબતે વિરોધ દર્શાવ્યો હતો.શ્રી અલવન મસીહ, જનરલ સેક્રેટરી, ચર્ચ ઓફ નોર્થન ઈન્ડીયા એ ક્રિશ્ચિયન ટુ ડે ને જણાવ્યું હતું કે ખ્રિસ્તીઓ ભયની લાગણી અનુભવી રહ્યા છે.કારણકે આ નાતાલ બાબતે સરકાર જે ડ્રામા ભજવી રહી છે તેનાથી,આથી તેઓએ વડાપ્રધાનને વિનંતી કરી હતી કે તેઓ આ બાબતે પગલાં લે જેથી ભવિષ્યમાં આવું ફરીથી બને નહી. આવા પ્રકારની ઘટના થી ખ્રિસ્તી લઘુમતીમાં ભયની લાગણી ઉભી થઈ શકે તેમાં કોઈ બેમત નથી કારણકે આ પગલું સરકાર તરફથી લેવામાં આવ્યું છે.

અમોને નાગરિક તરીકે સમાન અધિકાર મળવો જોઈએ તેમજ અમને અમારા તહેવાર જેવા કે ક્રિસમસ કોઈપણ જાતની રુકાવટ વગર ઉજવવાની આઝાદી મળવી જોઈએ.જ્યારે વડા પ્રધાન તરીકે નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા ત્યારે તેમણે એક સ્લોગન આપ્યું હતું કે ‘‘સબકા સાથે, સબકા વિકાસ’’એનો અર્થ એ થાય છે કે તેઓ સર્વ નાગરિકોને સાથે લઈને ચાલશે.પરંતુ આ પ્રકારનું સરકારી વર્તન તેમની બાંહેધરીનો ભંગ કરે છે.ક્રિસમસ એ વિશ્વભરમાં જાહેર રજા તરીકે માન્ય છે અને વિશ્વભરમાં વસતા ખ્રિસ્તીઓ નાતાલનો તહેવાર ઉજવે છે.તેઓ માત્ર તેમના ખાતર જ આ તહેવારને ઉજવતા નથી પરંતુ સમગ્ર માનવજાત માટે તેની ઉજવણી કરે છે.પરંતુ સરકારે જાહેર કરેલા સરક્યુલર મુજબ સ્કુલમાં ભણતા બાળકોને ઓનલાઈન નિબંધમાં ભાગ લેવાનું જણાવાયું છે.તેથી સ્કુલોને ખુલ્લી રાખવા જણાવાયું છે.આ પ્રમાણે કરીને તેની માહીતી સરકારને પહોચાડવાની છે.એનો અર્થ એ થાય છે કે તેઓ ખ્રિસ્તી સમુદાયની ભાવનાને જાણી જોઈને ઈગ્નોર કરવા માંગે છે.જે વડાપ્રધાને આપેલ બાંહેધરી સાથે મેળ ખાતી નથી.

આ પહેલાં નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા કે જે એચઆરડી મંત્રાલય હેઠળ કામ કરે છે તેણે ૧૨ ડિસેમ્બરે સરક્યુલરથી આદેશ કર્યો હતો કે ભુતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈનો જન્મદિવસ, અને હિંદુ મહાસભાના લીડર મદન મોહન માલવીયાના જન્મ દિવસને ૨૫મી ડિસેમ્બરે ઉજવવામાં આવે,સાથે સાથે ભારતીય જનતા પાર્ટી સત્તારુઢ થઈ છે તેનો ગુડ ગવર્નન્સ ડે પણ ઉજવવામાં આવે.સરકયુલરમાં આ દિવસે સ્કુલો ચાલુ રાખી તે દિવસે વિદ્યાર્થીઓ માટે નિંબંધ સ્પર્ધા,ક્વીઝ અને વકૃત્વ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવે.ધ ઈન્ડીયન એકસપ્રેસ ન્યુઝ પેપરે જણાવ્યા પ્રમાણે વાઈસ ચાન્સેલર્સ,બધીજ સેન્ટ્રલ યુની.ને પણ સરક્યુલર મોકલાયો હતો જેમાં ૨૫મી ડિસેમ્બરને ટેકનોલોજી એન્ડ ઈનોવેશન ઈન પ્રમોટીંગ ગુડ ગર્વનન્સ ઉજવવા આદેશ કરાયો હતો.

વિરોધ પક્ષો તેમજ અન્યો દ્વારા થયેલ ભારે ટીકાઓ બાદ એચઆરડી મીનિસ્ટર સ્મૃતિ ઈરાનીએ સંસદમાં સ્પષ્ટતા કરી હતી કે સરક્યુલર સ્કુલોમાં નિબંધ સ્પર્ધા માટે મોકલાયો હતો પરંતુ તે મરજીયાત છે અને ઓનલાઈન છે.જયારે પાર્લામેન્ટરી એફેર્સ મીનીસ્ટર વેકટ્યા નાયડુએ સંસદમાં ચોખવટ કરતાં જણાવ્યું હતું કે આ બાબતે રીવાઈઝડ સરક્યુલર મોકલાયો છે જેમાં ક્રિસમસને અપમાન નહી કરવાનો ઉલ્લેખ છે.સ્કુલોને નાતાલ ઉજવવા જણાવાયું છે.અને નાતાલને કોઈ નડતર થાય નહી તેમ જોવા જણાવાયુ છે.

અમોને એમ હતું કે વડાપ્રધાન સંસદમાં આવશે અને ખોટું થયું છે તેવી લાગણી પ્રદર્શિત કરશે.પરંતુ તેમ બન્યું નથી.જો કે આ બહુ મોટો મુદ્દો નથી પરંતુ તે ભય પેદા કરી શકે છે.

નાઈલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઈ હતી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# બચ્ચે મનકે સચ્ચે

સુર સામાગ્રી લત્તા મંગેશકરે એક ફિલ્મી ગીત ગાયું છે,બચ્ચે મનકે સચ્ચે. આ ગીતના શબ્દો ખુબજ અર્થપુર્ણ છે.બાળકો ખરેખર મનથી ને દિલથી સાચા હોય છે.ભોળા હોય છે. વિમળ હોય છે.ક્યારેક કયારેક બાળકોના પ્રશ્નોમાં જાદુ હો છે તેથી મોટેરાંઓ પણ તે પ્રશ્નોનો જવાબ આપતાં ગોથું ખાઈ જતા હોય છે.ભગવાન ઈસુએ પણ કહ્યું છે કે “બાળકોને મારી પાસે આવવા દો,એમને રોકશો નહી, કારણ ઈશ્વરનું રાજ્ય એમના જેવાઓનું છે.”બાળકોના અંતરમાં જે પડ્યું હોય તેજ દુનીયા સામે ધરી દેતા હોય છે.આડોશ - પાડોશમાં ભલે વારંવાર ઝેર ઓકાતું હોય પણ બાળકો-બાળકો વચ્ચે કદી આવું ઝેર ઓકાતું નથી.

એકવાર ટ્રાવેલ્સ ઓફિસની બહાર બેઠેલી બાળકીઓનું મન માદરે વતન જવા થનગની રહ્યું હતું. નીરાંતે બેસી અલકમલકની વાતો કરી રહી હતી એને થોડા સમય પછી બાજુમાં પડેલું મેગેઝીન હાથમાં લીધં અને જોક્સ વાંચી,ખડખડાટ હસી રહી હતી.ત તેમનું હાસ્ય ધીરે ધીરે વધતું જતું હતું તેથી બાજુમાં બેઠેલા કેટલાક મુસાફરો પણ તેમનું અટ્ટહાસ્ય જોઈ અચરજ પામતા. કુદરતે પણ જાણે આ હાસ્યની બક્ષિસ આ બે બાળકીઓને ધરી દીધી હોય તેમ લાગે અને સુરજ પણ આજે આ બે બાળકીઓનું હાસ્ય નીરખીને જ ડુબી ગયો હશે તેમ સહુ જનોને થાય.તેમનું હાસ્ય જોઈ બાજુમાં બેઠેલી તેમની માં પણ મંદમંદ હસવા લાગી.આજે બંન્ને બાળકીઓમાં આનંદનો પાર નહોતો. સર્વત્ર ખુશી વર્તાતી હતી.

થોડો સમય પછી તે બાળકીઓના પિતા ઓફીસે આવ્યા. પિતાએ ટ્રાવેલ્સવાળા ભાઈને પુછ્યું : ટિકીટનું શું ? પેલા ભાઈએ કીધું : ચારેય જણાનું સરખું ભાડું થશે. આ સાંભળી પિતા બાળકીઓના માં ટગર ટગર જોવા લાગ્યા. માંથી રહેવાયં નહી તેથી પેલા ભાઈ સામે ભાડા અંગે થોડી દલીલ શરુ કરી. માં એ પેલા ભાઈને કીધું : હજુ તો બંન્ને બાળકીઓ સાવ નાની છે. એક ધોરણ ૫ ને બીજી ધોરણ ૬માં ભણે છે.માં અને પેલા ભાઈ વચ્ચે વાતોનો દોર પુરો થાય તેમ લાગતો નહોતો.બીજી બાજું બંન્ને બાળકીઓના હાસ્યને વાતોમાં માં અને પેલા ભાઈની દલીલ અડચણ રુપ બની. બાળકીઓનું ધ્યાન મા અને પેલા ભાઈ તરફ ગયું.સઘળી વાત બાળકીઓને પુરેપુરી કળાઈ ગઈ અને એકાએક ચોંકી ઉઠી. તેથી નાની બાળકીથી રહેવાયું નહી. બાળકીને સાચા હાસ્યની જેમ આખેઆખું સાચું હ્રદય ઠાલવી દીધું. બાળકી માં સામે ધીમા સ્વરે બોલી : માં તું ખોટું બોલે છે. હું ધોરણ ૬માં ને મોટી બહેન ધોરણ ૭માં ભણે છે.માં, શરમિંદા બની ગઈ. માં અને પિતા ભોંઠા પડી ગયા. પેલા ભાઈ મનોમન હસવા લાગ્યા અને બાળકી ભાડાના પૈસા ચુકવતા પિતાને જોતી જ રહી ગઈ. ખોટું બોલવાનું એક જ કારણ હતું કે ભાડું ઓછું આપવું પડે.

બાળકોને ઓછું આંકી શકાય નહી. ભલે તેઓ ઉંમરની દૃષ્ટિએ નાના હોય પણ તેઓનું હ્રદય ખુબજ વિશાળ હોય છે. બાળકોનું હ્રદય સચ્ચાઈના ઉપવનથી ભર્યું ભર્યું હોય છે.તેઓનું હ્રદય સચ્ચાઈનો અરીસો છે. કેટલાંક લોકોને ટેવ પડી ગઈ હોય છે કે કસમ ખાઈને પણ જુઠ્ઠાને સાચું સાબિત કરતા હોય છે.પણ તે કદી ટકતું નથી. અને તે રેતી પર બાંધેલા ઘર સમાન છે. સચ્ચાઈ તો મજબુત ખડગ પર બાંધેલા ઘર સમાન હોય છે.સચ્ચાઈનો પાયો ખુબજ મજબુત હોય છે.કવિવર રવિન્દ્રનાથ ટાગોરે એક વાર કહ્યું હતું કે બાળકો આ પૃથ્વીનો સૌથી મોટો શણગાર છે. બાળકોને કોઈ પ્રભુના પયગંબર કહે છે તો કોઈ તેને પતગિંયા તરીકે ઓળખે છે. આમ ખરા અર્થમાં ગીતના શબ્દો અર્થપુર્ણ છે કે બચ્ચે મનકે સચ્ચે.

લેખક :મથુર વસાવા ,
(સેંટ જોસેફ હાઈસ્કુલ, ઉના,
જી.ગીર સોમનાથ)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

***નીલા સી.ગામડીયા***

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨





# ભારતના ખ્રિસ્તીઓ તેમની થઇ રહેલ સતાવણી બાબતે વડાપ્રધાન મોદી તેમની ખામોશી તોડે તેમ ઇચ્છે છે

જ્યારથી નરેન્દ્ર મોદી, ભારતીય જનતા પાર્ટીના નેતા તરીકે ભારતના વડાપ્રધાન તરીકેનો ચાર્જ સંભાળ્યો છે ત્યારથી ખ્રિસ્તીઓની અને અન્ય લઘુમતિઓની સતાવણીનો ગ્રાફ એકદમ ઉંચે ગયો છે.આ ૨૦૧૫ની સાલમાં ચાર જેટલા ખ્રિસ્તી ચર્ચો પર હુમલાના બનાવો બન્યા છે.જેનો વડાપ્રધાન મોદીએ કોઈ જવાબ આપ્યો નથી.જેથી ખ્રિસ્તી નેતાઓ ચિંતિત બન્યા છે.લઘુમતિઓ પરના હુમલા એકાએક વધી ગયા છે અને તે પણ તેમની જાણીતી સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.મોદીએ ચુંટણીઓ દરમિયાન લઘુમતિઓને સાથે લઈને ચાલવાનું વચન આપ્યું હતું તે વિસરી ગયા લાગે છે.હવે કેટલાક રાજ્યોમાં ચુંટણી આવી રહી છે તેથી હજુ વધારે સતાવણી થવાની શક્યતાઓ રહેલી છે.વિશ્વભરના નેતાઓ પૈકી પ્રેસિડેન્ટ ઓબામા આ બાબતે શાંતિ જાળવી છે અને તેઓએ પણ ભારતમા ખ્રિસ્તીઓની સતાવણી બાબતે કંઈ બોલ્યા નથી.

ભારતમાં વસતી લઘુમતી ખ્રિસ્તી કોમ એવું ઈચ્છે છે કે વડાપ્રધાન તરફથી તેમની કોમવાદી વિચારસરણી ધરાવતી સંસ્થાઓને રુક જાવનો આદેશ આપવામાં આવે. દેશના વિકાસમાં કોમવાદી એજન્ડા રુકાવટ બની શકે તેમ છે. દેશની શાંતિ હણાઈ જાય તેમ છે.તેથી પ્રાર્થના કરવામાં આવે કે મોદી પોતાની ખામોશી તોડે,અને ખ્રિસ્તી વિરુધ્ધ થઈ રહેલ હિંસાત્મક ઘટનાઓનો વિરોધ કરે.આપણે બધા દેશ માટે પ્રાર્થના કરીએ કે દરેકના હૃદયમાં ઈશ્વરનું સત્ય પ્રગટ થાય અને પ્રેમભાવનો વિકાસ થાય.પ્રાર્થના કરીએ કે આઈસીસીએ કરેલ પીટીશન કે જેમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ ભારતમાં ઓકવામાં આવતું ઝેર બંધ કરવામાં આવે.મોદી અને ભારત સરકાર ખ્રિસ્તીઓ વિરુધ્ધ થઈ રહેલા અત્યાચારો રોકવા માટે સમર્થ બને.

ભારતમાં થઈ રહેલ ખ્રિસ્તી લઘુમતિઓની સતાવણી બાબતે દેશ વિદેશમાં રહેતા ભારતીય ખ્રિસ્તીઓ દ્વારા એક આવેદન પત્ર અમેરિકાના પ્રમુખ જે ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ ભારતના ગણતંત્ર દિવસે રાજધાની દિલ્હીમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવાના છે ત્યારે તેમને આપવા માટે આવેદન પત્રમાં સહી ઝુંબેશ ચાલી રહેલ છે.જેથી આ આવેદન પત્રના આધારે તેઓ વડાપ્રધાન મોદીને ભારતના ખ્રિસ્તીઓ વિરુધ્ધ થઈ રહેલ કોમવાદી સતાવણી બંધ કરવા માટે અપીલ કરી શકે.

૧૫મી સદીમાં રશિયાના પીટર ધ ગ્રેટે એક વિચિત્ર કાયદો પોતાના રાજ્યમાં દાખલ કર્યો હતો.જેમાં લોકોને તમાકુ પીવાનું ફરજીયાત બનાવી દેવામાં આવ્યું હતું.

વિશ્વના પ્રથમ મહીલા પ્રધાનમંત્રી બનવાનું ગૌરવા શ્રીલંકાના શ્રીમતી ભંડારનાયકને મળે છે.

દરિયાઈ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ **ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |





## ફીલીપાઇન્સમાં પોપની પ્રાર્થના સભામા ૬૦ લાખ લોકોની જનમેદની ઉમટી પડી

ફીલીપાઈન્સમાં પોપની પ્રાર્થના સભામાં ૬૦ લાખની મેદની ઉમટી પડી.ફિલિપાઈન્સમાં આવેલાં હયાન વાવાઝોડાને કારણે મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે રાજધાની મનીલામાં પોપ ફ્રાંસિસ દ્વારા વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સભામાં ૬૦ લાખ લોકોએ હાજરી આપી હતી.અત્યારસુધીમાં કોઈપણ પોપની સભામાં આટલી મોટી સંખ્યા આવી હોય તે પ્રથમ ઘટના છે.આ સભાના બે કલાક પહેલાં જ ૩૦ લાખ લોકો આવી ગયા હતા.ત્યાર પછી સભા દરમિયાન અન્ય લોકો આવ્યા હતા.

## ભુતપુર્વ આઇપીએસ ઓફિસર કિરણ બેદી દિલ્હીમાંથી બીજેપીના ઉમેદવાર તરીકે વિધાનસભાની ચુંટણી લડશે

ભુતપુર્વ આઈપીએસ ઓફિસર અને સોશ્યલ એક્ટીવીસ્ટ તરીકે જાણીતા કિરણ બેદીએ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈને દિલ્હીમાંથી વિધાનસભાની ચુંટણી લડવાની તૈયારીઓ શરુ કરી દીધી છે.તેણી આપના ભુતપુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ચુંટણી લડશે.તેમણે જણાવ્યું હતું કે તેઓ નરેન્દ્ર મોદીથી પ્રભાવિત થઈને બીજેપીમાં જોડાયા છે. તેઓ અન્ના હજારે સાથે ઈન્ડીયા અગેસ્ટ કરપ્શન મુવમેન્ટમાં હતા.પરંતુ ત્યારબાદ તેઓનું નરેન્દ્ર મોદીના કારણે હદય પરિવર્તન થયું અને બીજેપીમાં જોડાયા.પરંતુ તેમને તેમના એક વખતના સાથી અરવિંદ કેજરીવાલ સામે અજમાવવામાં આવી રહ્યા છે. લોઢાને લોઢું કાપે તેવી થીયરી પર બીજેપી દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં ટેકટીક અજમાવી રહી છે.આ પહેલા વિધાનસભાની ચુંટણીમાં અરવિંદ કેજરીવાલે ભુતપુર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષિતને અહીયાથી હરાવ્યા હતા. તેથી બીજેપીના નેતાઓનું માનવું છે કે કિરણ બેદી હવે કેજરીવાલને હરાવી શકશે.જો કે મીડીયામાં એવા સમાચાર પણ આવ્યા છે કે ભુતપુર્વ એકટ્રેસ અને રાજકારણી બનેલા જયાપ્રદા જે રાષ્ટ્રીય લોકદળની ટીકીટ પર ૨૦૧૪માં લોકસભાની ચુંટણી લડ્યા હતા.આ પહેલા તેઓ સમાજવાદી પાર્ટી સાથે હતા.અને તે પહેલા તેલુગુ દેશમ પાર્ટીમાં હતા.આમ આદમી પાર્ટીના લીડર શઝીયા ઈલ્મી પર તેમની સાથે બીજેપીમાં જોડાવા જઈ રહ્યા છે.દિલ્હીમાં ૭ ફેબ્રુઆરીએ ચુંટણીઓ થશે અને ૧૦ ફેબ્રુઆરીએ પરિણામ આવી જશે.જો કે ભારતીય જનતા પાર્ટીએ દિલ્હીની વિધાનસભામાં કોની બહુમતી મળી શકે અને કયા ઉમેદવારને મુખ્યમંત્રી તરીકે પ્રોજેકટ કરીને ચુંટણી જીતી શકાય તેના તાજેતરમાં કરાયેલ સર્વેમાં કિરણ બેદી મુખ્યમંત્રી તરીકે ચુટાઈ શકે તેમ છે. તેથી કેજરીવાલની સામે અન્ય કોઈ ઉમેદવારને પસંદ ના કરતાં બેદીની પસંદગી ભાજપે કરી હતી.




### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## ઇસ્લામીક સંગઠન ઇસીસ દ્વારા અપહરણ કરાયેલ યઝીદી કન્યાઓ બળાત્કાર બાદ આત્મહત્યા કરી રહી છે : એક રીપોર્ટ

ઈસ્લામીક સંગઠન ઈસીસ દ્વારા યઝીકી કન્યાઓનું અપહરણ કરવામાં આવ્યું હતું.તે પૈકીની કેટલીક કન્યાઓ ઉપર બળાત્કાર કરાતાં અને વૈશ્યા તરીકે વેચી દેતા આ કન્યાઓએ આત્મહત્યા કરી લીધી છે તેવું એક રીપોર્ટમાં જાણવા મળ્યું છે.૨૦૦ જેટલી યઝીદી કન્યાઓના અપહરણ આ આતંકી ગ્રુપ દ્વારા કરવામાં આવ્યા હતા અને તેમને છેલ્લા પાંચ મહીનાથી કેદીઓ તરીકે રખાયા હતા.જે પૈકીની કેટલીક કન્યાઓ માંદી પડતા તેમને મુકત કરાઈ હતી.સેકડો મહિલાઓ અને બાળકોને આ આતંકી ગ્રુપે બંદી બનાવ્યા હતા.નોર્થન ઈરાકમાંથી તેઓને બંદી બનાવ્યા બાદ તેમને વૈશ્યા તરીકે કે સેક્સ ગુલામ તરીકે વેચવામાં આવતા હતા.કેટલાકને લગ્ન કરવાની ફરજ પડાતી હતી.તેવું રીપોર્ટમાં જણાવાયું હતું.

એમનેસ્ટી ઈન્ટરનેશનલને આ બંદીઓમાંથી ભાગી છુટેલ કન્યાઓ પૈકીનીએ પોતાની વ્યથાનું વર્ણન કર્યું હતું તેમાં જણાવ્યું હતું કે કેટલીક જુવાન કન્યાઓએ પોતાનુ ભવિષ્ય અંધકારમય બની ગયું હોવાથી આત્મહત્યા કરી લીધી હતી.૨૭ વર્ષીય વફા,એ જણાવ્યુ હતું કે તેણીએ અને તેની બેને આત્મહત્યા કરવાની કોશીશ કરી હતી.પરંતુ તેમને તેમ કરતાં તેમની સાથેની કન્યાઓએ રોકી હતી.ડોનાટેલા રોવીરાએ કહ્યું હતું કે ઈસીસના આતંકીઓ બળાત્કારને હથિયાર ગણે છે.આ માનવતા વિરુધ્ધનો અપરાધ છે.બળાત્કાર અને શારીરીક ત્રાસ મહિલાઓને ખુબજ ત્રાસ ઉભો કરે છે તેથી તેઓ આત્મહત્યાનો પ્રયાસ કરે છે.કેટલાક નાસી છુટવાનો પ્રયાસ કરે છે.જે ભાગ્યશાળી બને છે જે નાસી જાય છે. અન્યો ત્રાસ સહન કરે છે.



### વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


### ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



### જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.